DATE :- 15-05-2026
SANDESH, PAGE-03, SURAT



નિર્ભય કાપડિયા

### ભેંસાણથી અડાજણ રૂટ પર સાત સ્ટેશનો વચ્ચે ટ્રેન દોડી

# મેટ્રો કોરિડોર-૨ પર ૭ સ્ટેશનો પર સ્ટ્રક્ચરનું કામ પૂરું : ટ્રાયલ રન શરૂ

## સુરત મેટ્રો પ્રોજેક્ટની અંદાજે ૭૫ ટકાથી વધુ કામગીરી પૂર્ણ

। સુરત ।

સુરતીઓ માટે મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ કહી શકાય તેમ મેટ્રોની કામગીરી ઝડપથી આગળ વધારવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા જ કોરિડોર-૧ પર ડ્રીમ સિટીથી અલથાણની વચ્ચે મેટ્રોનો ટ્રાયલ રન શરૂ કરવામાં આવ્યો હતો જે સફળ રહ્યો છે અને હવે ગુરુવારેથી કોરિડોર-૨ પણ ટ્રાયલ રન શરૂ કરવામાં આવ્યો છે. આગામી નજીકના દિવસોમાં મેટ્રો ટ્રેન યાત્રીઓ માટે દોડાવવામાં આવે તેવી શક્યતા છે.

શહેરમાં બે રૂટ પર મેટ્રો પ્રોજેક્ટનું કામ ચાલુ છે. જેમાં કોરિડોર-૧ એટલે કે ડ્રીમસિટીથી સરથાણા વચ્ચે અને કોરિડોર-૨ એટલે કે ભેંસાણથી સારોલી વચ્ચે કુલ ૪૦.૩૫ કિમીના પ્રોજેક્ટમાં અત્યાર સુધી ૭૫ ટકાનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. આ પ્રોજેક્ટમાં કુલ ૩૮ સ્ટેશનો તેમજ ૨ ડેપો (ડ્રીમ સિટી ડેપો અને ભેસાણ ડેપો)નો સમાવેશ થાય છે. સુરત મેટ્રો પ્રોજેક્ટના કોરિડોર-૧ (નોર્થ-સાઉથ કોરિડોર) અંતર્ગત ડ્રીમ સિટીથી અલથાણ ટેનામેન્ટ સ્ટેશન વચ્ચેના ૮.૫ કિમી તથા ૭ સ્ટેશનો પર ટ્રાયલ રન કામગીરી તા. ૨૯ માર્ચ, ૨૦૨૬થી શરૂ કરવામાં આવી હતી અને હાલમાં ટ્રાયલ રન સાથે વિવિધ ચકાસણી અને પરીક્ષણ પ્રક્રિયા GEC તથા GMRC દ્વારા પ્રગતિમાં છે. હવે કોરિડોર-૨ (ઈસ્ટ-વેસ્ટ કોરિડોર) અંતર્ગત ભેંસાણથી અડાજણ ગામ વચ્ચે ૬.૫ કિમી તથા ૭ સ્ટેશનોના સ્ટ્રક્ચરનું કામ પૂર્ણ થઈ ચૂકી છે અને તેનો ટ્રાયલ આજથી શરૂ કરવામાં આવ્યો છે. આ ટ્રાયલ પ્રક્રિયા દરમિયાન ટ્રેન રનિંગ આશરે ૫૦૦ કલાક સુધી કરવામાં આવતું હોય છે તેમજ તેની વિવિધ ચકાસણીઓ GEC તથા GMRC દ્વારા કરવામાં આવશે, ત્યારબાદ RDSO તથા અન્ય રેગ્યુલેટરી સંસ્થાઓ દ્વારા પણ જરૂરી ચકાસણીઓ હાથ ધરવામાં આવ્યા બાદ CMRS દ્વારા અંતિમ સુરક્ષા નિરીક્ષણ અને મંજૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.